# સરદાર પટેલ યુનિવર્સિટી
## સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભા
## <u>કાર્યનોંધ</u>

સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભા **તારીખઃ ૩૦/૦૯/૨૦૨૫ ના રોજ બપોરના ૦૩.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફ્લોર)માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતાઃ

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. વિજયાનંદ પટેલ | (૩) | ડૉ. પરેશભાઇ ત્રિવેદી |
| (૨) | પ્રો. બાલુભાઇ પટેલ | (૪) | પ્રો. વાલાભાઇ વણકર |

સભામાં અધ્યક્ષશ્રી ડૉ. મહેશ જી. પટેલ હાજર રહી શકયા ન હતા જેથી સમિતિનું અધ્યક્ષ પદ ડૉ. વિજયાનંદ પટેલએ સર્વાનુમતે સંભાળ્યુ હતું.

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ ૪/૧/૨૦૨૪ ના રોજ મળેલ સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે, તારીખઃ ૪/૧/૨૦૨૪ ના રોજ મળેલ સંસ્કૃતની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી નિયમાનુસાર તૈયાર કરી સુધારા સહિત ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy – 2020 (NEP-2020) મુજબના સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમા અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રકચર (માળખું) તૈયાર કરવા ચર્ચા વિચારણા કરી મંજૂર કરવા બાબત

ચાલુ . . .

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy – 2020 (NEP-2020) મુજબના સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના તૈયાર કરેલ સુધારા વધારા સહિતના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ના અભ્યાસક્રમો અને તેનું સ્ટ્રક્ચર (માળખું) તૈયાર કરવા નીચે દર્શાવેલ કમિટીની રચના કરવી અને તેનો અમલ જૂન- ૨૦૨૫ થી ક્રમશઃ કરવો.

**સ્નાતક કક્ષાના સાત અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમની કમિટી**

૧. ડો. પરેશ ત્રિવેદી (આવાહક), શ્રી એસ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ, આંકલાવ
૨. ડો. વિજયાનંદ પટેલ, ભવન્સ આઇ.એલ.પંડ્યા આર્ટ્સ કોલેજ, ડાકોર
૩. ડો. વાલાભાઇ વણકર, પટેલ જે. ડી. રુદેલવાલા આર્ટ્સ કોલેજ, બોરસદ
૪. ડો. જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ, શાહ કે. એસ. આર્ટ્સ કોલેજ, કપડવંજ
૫. પ્રિ. ડો. મહેન્દ્રભાઇ દવે, સી. બી. પટેલ આર્ટ્સ કોલેજ, નડિયાદ

વધુમાં કમિટીએ તૈયાર કરેલ અભ્યાસક્રમોને સુધારા વધારા સહિત મંજૂર કરવા અને તેનો અમલ જૂન-૨૦૨૫ થી ક્રમશઃ કરવો.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતી :**

૪. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રક્ચર (માળખું) નો અમલ જૂન-૨૦૨૫ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લેવામાં આવી.

નંબરઃ ડી/એ/ 5028
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ 05-10-2025

નાયબ કુલસચિવ

પ્રતિઃ
સંસ્કૃતની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તથા સંસ્કૃતની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.